આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૫-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## PM-નોમીનેશન

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ઉત્તરપ્રદેશની વારાણસી લોકસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા તેમના સમર્થક પંડિત ગણેશ શાસ્ત્રી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વારાણસીમાં પહેલી જૂને સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન યોજાશે, જેનાં માટે ઉમેદવારીપત્ર ભરવાનો ગઈકાલે અંતિમ દિવસ હતો.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી શ્રી મોદી વર્ષ 2014 અને 2019માં વારાણસી લોકસભા બેઠક પરથી જંગી બહુમતીથી ચૂંટાયા હતા.

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------------

## ECI-ફરિયાદ

ચૂંટણી પંચે કહ્યું કે, આદર્શ આચારસંહિતા અમલમાં લાવ્યા બાદથી નેવું ટકાથી વધુ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. તેમ જ કૉંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી સિવાય રાજકીય પક્ષો તરફથી કોઈ મોટી ફરિયાદનું નિરાકરણ કરવાનું બાકી નથી. ચૂંટણી પંચે એક નિવેદનમાં કહ્યું કે, વિવિધ રાજકીય પક્ષ અને ઉમેદવારોએ 425 મોટી ફરિયાદ નોંધાવી છે. આમાંથી 400 મામલામાં કાર્યવાહી અથવા તો સમાધાન કરવામાં આવ્યું છે.જેમાં કૉંગ્રેસ તરફથી 170, ભાજપ તરફથી 95 અને અન્ય પક્ષની 160 ફરિયાદ છે.

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------------

## રાઘવજી પટેલ

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને લઈને કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે પાક નુકશાની માટેના સર્વે કરાવવાના આદેશ આપી દેવાયા છે.. તેમણે ઉમેર્યું હતું કે હજુ પણ 4 દિવસ વરસાદ ની આગાહીને લઈને અંતિમ સર્વે અહેવાલ 17 મી મે બાદ મંગાવવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## ગૃહમંત્રાલય-ફ્રોડ

ગૃહ મંત્રાલયે પોલીસ, કેન્દ્રિય તપાસ એજન્સી, નાર્કોટિક્સ વિભાગ, ભારતીય રિઝર્વ બેન્ક, પ્રવર્તમાન નિર્દેશાલય અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓના અધિકારીઓની નકલી ઓળખ આપી છેતરપિંડી કરનારાઓથી સાવચેત રહેવા સલાહ આપી છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર સરકારી અધિકારીઓ તરીકે સાઈબર ગુનેગારો દ્વારા ધાકધમકી, ખંડણી સહિતના મામલા અંગે મોટી સંખ્યામાં ફરિયાદ નોંધાઈ રહી છે.

મંત્રાલયે જણાવ્યું કે, કેટલાક પીડિતોએ આવા ગુનેગારોની વાતમાં ફસાઈને મોટી રકમ પણ ગુમાવી છે. નાગરિકોએ મદદ માટે સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર એક નવ ત્રણ શૂન્ય અથવા **www.cybercrime.gov.in** પર તાત્કાલિક ઘટનાની જાણ કરવી જોઈએ.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## 12 સાયન્સ માર્કશીટ

રાજયની શાળાઓમાંથી આગામી 17મી મે થી ધો-12 વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ 2024 પરીક્ષાના પરિણામની માર્કશીટ, એસ.આર. અને પ્રમાણપત્રો મેળવી શકાશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ 2024 પરીક્ષાની માર્કશીટ ટપાલ મારફતે મોકલી આપવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---

## IPL

આઈ.પી.એલની ગઈકાલની મેચમાં દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 19 રનથી હરાવ્યું છે. લખનઉ જાયન્ટ્સે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. દિલ્હી કેપિટલ્સે હોમ ગ્રાઉન્ડ પર 20 ઓવરમાં 4 વિકેટે 208 રન બનાવ્યા હતા. જવાબમાં લખનઉ સુપર જાયન્ટ્સની ટીમ 20 ઓવરમાં 9 વિકેટે 189 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે દિલ્હીની આ જીત સાથે રાજસ્થાન રોયલ્સ પ્લેઑફ માટે ક્વોલિફાય થઈ ગયું છે.

**(નેહલ ઠક્કર/NP)**

---

## ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ –કોચ

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ – **BCCI**એ પુરૂષોની રાષ્ટ્રીય ટીમના મુખ્ય કોચ માટે અરજી મંગાવી છે. જેમનો કાર્યકાળ આ વર્ષે એક જુલાઈથી શરૂ થશે અને 31 ડિસેમ્બર 2027એ પૂર્ણ થશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2027માં જ એક દિવસીય વિશ્વકપનું આયોજન કરવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---

## હવામાન-વરસાદ

રાજ્યમાં હવામાન વિભાગે જાહેર કરેલી વરસાદી આગાહી વચ્ચે કચ્છ જિલ્લામાં ગઈકાલે સતત બીજા દિવસે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને

ઉનાળાની આકરી ગરમી વચ્ચે કરા સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. ગઈકાલે સાંજે નખત્રાણા તાલુકાનાં રવાપર અને આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટા પડતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. વરસાદી માહોલ સર્જાતા ખેડૂતો ચિંતિત બન્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ભુજમાં 3 ડિગ્રીના વધારા સાથે મહત્તમપારો 42.3 ડિગ્રીએ પહોંચતા રાજ્યમાં રાજકોટ પછી ભુજ બીજા નંબરનું ગરમ મથક બન્યુ હતું.

**(નેહલ ઠક્કર/NP)**

---------------------------------------------------------------------

## મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય –માંડવી પ્રવેશ

શ્રી મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય, માંડવી ખાતે જુન-૨૦૨૪ થી શરૂ થતાં નવા સત્રમાં ધોરણ ૯ થી ૧૨ માં દાખલ થવા ઈચ્છતા વિધાર્થીઓ માટે છાત્રાલયની માન્ય સંખ્યા ૪૩ ની છે. જે પૈકી ૬૦ ટકા અનુ.જાતિ, ૩૦ ટકા અનુ.જનજાતિ, વિચરતી જાતિ અને વિમુક્ત જાતિના અને ૧૦ ટકા આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આ માટે અરજી ફોર્મમાં માંગેલી વિગતો ભરી તા.૩૧મી મે-૨૦૨૪ સુધીમાં ગૃહપતિને મોકલી આપવા તથા વધુ વિગતો માટે મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય, માંડવી-કચ્છનો સંપર્ક સાધવા જણાવાયું છે.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------